પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૬ | ૧૬ જુન, ૨૦૧૭, શુક્રવાર ; જયેષ્ઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ભારત-પાકિસ્તાન વચ્ચે રવિવારે ખરાખરીનો જંગ

**બાંગ્લાદેશને ૯ વિકેટે પછાડી ભારતનો ફાઈનલમાં પ્રવેશ : જ્યારે ઈંગ્લેન્ડ સામે વિજય મેળવી પાકિસ્તાને ફાઈનલમાં પ્રવેશ કરતા ચેમ્પિયન્સ ટ્રોફીનો ફાઈનલ જંગ રોમાંચક બનશે : રોહિતના ૧૨૩ અને કોહલીના અણનમ ૯૬ રન : શિખર ધવન અને વિરાટ કોહલીની પણ ઝંઝાવતી બેટિંગ**



બર્મિંગ્હામ,તા. ૧૫

બર્મિંગ્હામમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઈનલમાં ભારતે આજે બાંગ્લાદેશ ઉપર રોમાંચક જીત મેળવીને ફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. બાંગ્લાદેશના ૨૬૪ સામે ભારતે એક વિકેટે ૨૬૫ રન બનાવીને મેચ જીતી લીધી હતી. ભારત તરફથી રોહિત શર્મા અણનમ ૧૨૩ રન અને વિરાટ કોહલી ૯૬ રન કરીને અણનમ રહ્યો હતો. હવે ફાઈનલમાં પાકિસ્તાન સામે ભારતની ટક્કર થશે. ભારતે લીગ તબક્કાની પોતાની પ્રથમ મેચમાં જ પાકિસ્તાનને કારમી હાર આપી હતી. તે જોતા હવે ભારતીય ટીમ ફરી હોટફેવરિટ બની છે. આજે રોહિત શર્માએ જોરદાર રમત રમીને સદી ફટકારી હતી. આ ઉપરાંત શિખર ધવન અને વિરાટ કોહલી પણ છવાયેલા રહ્યા હતા. રોહિત શર્માની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. બીજી બાજુ વિરાટ કોહલી પણ જોરદાર ફોર્મમાં દેખાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## રાષ્ટ્રપતિ પદ માટે સર્વસંમતિ સાધવા ભરપૂર પ્રયાસો

**સોનિયા ગાંધી સાથે બેઠક પર નજર : તમામ રાજકીય પક્ષો સાથે વાતચીત શરૂ કરવામાં આવી**

નવી દિલ્હી,તા. ૧૫

રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય ગરમી વચ્ચે આવતીકાલે શુક્રવારે ભાજપની પેનલના સભ્યો કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાથે વાતચીત કરનાર છે. સર્વસંમતિ સાધવાના પ્રયાસ તરીકે આને ગણવામાં આવે છે.રાષ્ટ્રપતિની ચૂટણીને લઈને સર્વસંમતિના પ્રયાસ એવા સમય હાથ ધરવામાં આવ્યા છે જયારે રાષ્ટ્રપતિ ચૂટણીને લઈને ઉમેદવારી પત્ર દાખલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, કેન્દ્રીય ચૂંટણી પંચે ૭મી જૂનના દિવસે રાષ્ટ્રપતિ ચૂંટણી માટેની તારીખોની જાહેરાત કરી દીધી હતી. ચૂંટણી કાર્યક્રમ મુજબ અરજી દાખલ કરવાની અંતિમ તારીખ ૨૮મી જૂન રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણીની પ્રક્રિયા ૨૯મી જૂનના દિવસે હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પરત ખેંચવા માટેની અંતિમ તારીખ પહેલી જુલાઈ રહેશે. રાષ્ટ્રપતિ ચૂંટણી માટે ચૂંટણી જરૂર પડશે તો ૧૭મી જુલાઈના દિવસે થશે. મતગણતરીની પ્રક્રિયા ૨૦મી જુલાઈના દિવસે હાથ ધરાશે. રાષ્ટ્રપતિ ચૂંટણી માટે સવારે ૧૦ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન માટેનો સમય નક્કી કરવામાં આવી ચુક્યો છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ખાસ ચૂંટણી પેનનો ઉપયોગ કરવામાં આવશે. વોટ શેયરના મામલામાં એનડીએ કોંગ્રેસના નેતૃત્વની સરખામણીમાં ૧૫ ટકા લીડ ધરાવે છે. વર્તમાન રાજકીયસમીકરણોના આધાર પર જોવામાં આવે તો આ મૂલ્યાંકન યોગ્ય દેખાય છે.



## ન્યુઝ ટ્રેક

### પાકિસ્તાનની જીતના કાશ્મીરમાં ફટાકડા ફૂટયા

ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાનનો વિજય થતા ઉત્તર કાશ્મીરના પલહલાન વિસ્તારમાં યુવાનોએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. અલગતાવાદી નેતા મીરવાઈઝ ફારૂકે ટવીટર પર પાકિસ્તાન જીતની વધાઈ આપી હતી.

### બાબા રામદેવ બીન જામીનપાત્ર વોરંટ

માથા વાઢીનાંખો વાળા સ્ટેટમેન્ટને પગલે હરિયાણા કોર્ટે બાબા રામદેવ સામે બીન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કર્યો છે. ગત વર્ષે બાબાએ ભારત માતા કી જય ન બોલનારાઓના માથા વાઢી નાંખવાનું સ્ટેટમેન્ટ કર્યું હતું. જે કેસની સુનવણી ૩જી ઓગષ્ટે થશે.

### ત્રિપુરામાં પ્રથમ બ્રેઈલ લાયબ્રેરીનો પ્રારંભ

ત્રિપુરાના અગરતલામાં પ્રથમ બ્રેઈલ લાયબ્રેરી પ્રારંભાઈ હતી. એક ખાનગી ઈન્સ્ટીટયૂટ દ્વારા આરંભાયેલ લાયબ્રેરીમાં બ્રેઈલ લીપીના સો થી વધુ પુસ્તકો રખાયા છે.

# આજથી પેટ્રોલ-ડીઝલના ભાવ રોજ બદલાશે

**દરરોજ રેટ અપડેટ કરવા માટે સમય બદલવા મોદી સરકાર સહમત થતાં પેટ્રોલ પંપના માલિકોએ નિર્ણય કર્યો સવારે ૬ વાગે રોજ ભાવમાં સુધારો : પેટ્રોલ પંપના માલિકોએ સૂચિત હડતાળ આખરે પાછી ખેંચી લીધી**

નવી દિલ્હી,તા. ૧૫

દેશમાં આવતીકાલથી એક નવી વ્યવસ્થા અમલી બની રહી છે જેના ભાગરુપે પેટ્રોલ અને ડીઝલની કિંમતો આવતીકાલથી દરરોજ બદલાશે. આજે પેટ્રોલપંપના માલિકોએ પેટ્રોલ ડીઝલની કિંમતોને દરરોજ બદલવા સામે તેમની સૂચિત હડતાળને પાછી ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. કારણ કે સરકાર દરરોજના રેટ અપડેટ કરવાને લઈને સમય બદલવા સહમત થઈ ગઈ હતી. આ ફેરફાર બાદ શુક્રવારથી નવી વ્યવસ્થા અમલી બની જશે. પેટ્રોલ અને ડીઝલની કિંમતો દેશભરમાં સવારે છ વાગે દરરોજ સુધરી જશે. હાલમાં પખવાડિયામાં ભાવ સુધારાની પ્રથા ચાલી રહી હતી. આ અગાઉ કંપનીઓએ આ યોજનાને પહેલી મેના દિવસથી દેશના પાંચ શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાથ ધરી હતી. આ યોજના સફળ રહ્યા બાદ હવે આવતીકાલથી દેશભરમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો દરરોજ બદલાશે. કંપનીના અધિકારીઓના કહેવા મુજબ સરકારી તેલ કંપનીઓએ હવે પોતાના પેટ્રોલ પંપ ઉપર કિંમતો દર ૧૫ દિવસના બદલે દરરોજ બદલવાની તૈયારી કરી લીધી છે. તેલ કંપનીઓએ આ નિર્ણય પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સાથે

● અનુસંધાન પાન-૭ પર



### સુરતની નિશિતા પુરોહિત દેશમાં ટોપર

અમદાવાદ, તા. ૧૫

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટીટયૂટ ઓફ મેડીકલ સાયન્સ (AIMS) દ્વારા લેવાયેલ એમબીબીએસની એન્ટ્રન્સ એકઝામમાં સુરતની નિશિતા પુરોહિત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવી છે. અગાઉ પણ ધો-૧૨માં સીબીએસસીમાં ૯૧.૪ ટકા મેળવ્યા હતા.

# જીએસટી અમલીકરણને વધુ બે મહિના મોકૂફ કરવા માંગ

**નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા માંગ : નવી વ્યવસ્થાને અમલી કરવા તેમની વ્યવસ્થામાં સુધારા કરવા વધુ સમયની જરૂર છે : નાગરિક ઉડ્ડયન મંત્રાલય**

નવીદિલ્હી, તા. ૧૫

નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા જીએસટી અમલીકરણને બે મહિના સુધી ટાળી દેવા માટે રજૂઆત કરવામાં આવી છે. એવી દલીલ કરવામાં આવી છે કે, નવી ટેક્સ વ્યવસ્થાને અમલી કરવા તેમની વ્યવસ્થામાં મોટા ફેરફારની જરૂર એરલાઈન્સને દેખાઈ રહી છે. જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈથી અમલી કરવામાં આવનાર છે. તૈયારી પ્રાથમિક તબક્કામાં પહોંચી ગઈ છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા નાણા મંત્રાલયને પત્ર લખીને બે મહિના સુધી જીએસટી વ્યવસ્થાને લાગૂ ન કરવાની અપીલ કરી છે. વરિષ્ઠ મંત્રાલય અધિકારીના કહેવા મુજબ જીએસટી વ્યવસ્થાને અમલી ન કરવાની માંગણી કરવામાં આવી છે. કારણ કે, એરલાઈન્સ જીએસટીને

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકા-કતાર વચ્ચે ૧૨ અબજ ડોલરની ડીલ

**અખાત કટોકટી વચ્ચે ફાઇટર જેટ માટે મહાકાય કરાર : ત્રાસવાદને ટેકો આપવાનો આક્ષેપ કરીને અખાતી દેશોએ કતાર સાથે સંબંધ તોડી લીધા બાદ સમજુતી પર હસ્તાક્ષર**

દુબઈ,તા. ૧૫

અખાત કટોકટી વચ્ચે અમેરિકા અને કતાર વચ્ચે એફ-૧૫ ફાઈટર જેટ વિમાનો માટે ૧૨ અબજ ડોલરની સમજુતી થઈ છે. આ સમજુતી પર હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા છે. અમેરિકાના સંરક્ષણ પ્રધાન જીમ મેટીસ અને તેમના કતારના સમકક્ષ ખાલિદ અલ અતિયા દ્વારા સમજુતી પર હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા છે. પેન્ટાગોન દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. પેન્ટાગોને વધુ માહિતી આપતા કહ્યુ છે કે ત્રાસવાદને ટેકો આપવાનો આક્ષેપ કરીને કતાર સાથે અનેક અખાત દેશો સંબંધ તોડી ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચીનને મનાવવા મોદી મેદાનમાં

**ઝિનપિંગ સાથે હાલની બેઠક રચનાત્મક બનશે : શંઘાઇ કોર્પોરેશન ઓર્ગેનાઇઝેશનમાં સામેલ થવાના મુદ્દે ચીનો ભારતને સમર્થન આપ્યા બાદ આશા ઉજળી બની**

નવી દિલ્હી,તા. ૧૫

ભારતની ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (એનએસજી)માં એન્ટ્રીને લઈને વિરોધ કરી રહેલા ચીનને મનાવી લેવા માટે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે જવાબદારી સંભાળી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી હાલમાં ચીની પ્રમુખને મળ્યા બાદ બાદ વધારે સક્રિય દેખાઈ રહ્યા છે. ચીની પ્રમુખ શિ ઝિનપિંગ સાથેની હાલમાં યોજાયેલી બેઠકમાં પણ મોદીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. મોદી પોતે હવે ચીનના મુડને બદલી નાંખવાના પ્રયાસમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એનએસજીમાં ભારતની એન્ટ્રીનો વિરોધ કરી રહેલા ચીનની સામે હવે કોઈ કઠોર નિવેદનબાજી ન કરવા માટે કહેવામાં આવ્યુ છે. આ મામલે બન્ને દેશો વચ્ચે પહેલાથી જ કેટલીક ખેંચતાણ ચાલી રહી છે. હવે ચીનના મુડને વધારે ખરાબ નહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવે ભારતને લાગે છે કે ડ્રેગનના મુડમાં ફેરફાર ન આવે તે દિશામાં પહેલ જરૂરીછે. આ બાબતને ધ્યાનમાં

● અનુસંધાન પાન-૭ પર











